# ગાંધીનગર ફરી ઠંડુગાર પારો ૧૦.૫ ડિગ્રી

### જનજીવન પર ઠંડીની વ્યાપક અસર : વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા : ઘરની બહાર નીકળવું દુષ્કર બન્યું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં આકરી ઠંડી પડી રહી છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં વસાહતીઓ રીતસર ઠંડીમાં ઠુંઠવાયા છે. ઠંડીના કારણે માર્ગો એકદમ સુમસામ બની ગયા છે.

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીની ગીરફતમાં છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હીમવર્ષાનો કહેર છે. છેક મધ્યપ્રદેશ સુધી કાતિલ ઠંડી પડી રહી છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં તો હાલત સૌથી મુશ્કેલ બની છે. ઉત્તરભારતની કાતિલ ઠંડીની અસર ગુજરાતમાં પણ થઈ છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાય વિસ્તારોમાં આકરી ઠંડી પડી રહી છે. ઘણા શહેરોમાં લઘુત્તમ તાપમાન એક આંકડામાં નોંધાયું છે. પાટનગર ગાંધીનગર પણ આકરી ઠંડીની પકડમાં આવી ગયું છે. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં વસાહતીઓ રીતસર ઠંડીમાં ઠુંઠવાઈ ગયા છે. ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. જો કે પવન બંધ રહેતા થોડીક રાહત અનુભવાઈ રહી છે. આકરી ઠંડીના કારણે નગરના માર્ગો સુમસામ બની રહ્યા છે. ગરમ વસ્ત્રો ફરજીયાત પહેરવા પડે છે. બારી બારણા એકદમ બંધ રાખવા પડે છે. શહેરના આંતરિક વિસ્તારોમાં તો સાંજ પડતા અવરજવર એકદમ ઓછી થઈ જાય છે. બજારોમાં હલચલ સાવ ઓછી જોવા મળે છે. વહેલી સવારે શાળાએ જતાં બાળકો ઠંડીમાં ઠરી જાય છે. શ્રમજીવીઓ અને ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો તાપણું કરી ઠંડી ઉડાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનું જોર એકદમ વધી જાય છે. ઠંડીનો આકરો મિજાજ સૌ કોઈને અકળાવી રહ્યો છે. ડીસેમ્બરના અંતિમ દિવસો વસાહતીઓ માટે આકરા બની રહ્યા છે. હજુ આગામી ત્રણ ચાર દિવસ કોલ્ડવેવની આગાહી વ્યકત કરવામાં આવી છે.

**ક્યાં કેટલું તાપમાન**

| શહેર | તાપમાન |
|---|---|
| નલીયા | ૫.૪ |
| ભૂજ | ૭.૬ |
| ન્યુ કંડલા | ૮.૪ |
| પોરબંદર | ૯ |
| રાજકોટ | ૯ |
| ડીસા | ૯.૬ |
| સુરેન્દ્રનગર | ૯.૮ |
| કંડલા એરપોર્ટ | ૧૦.૧ |
| ગાંધીનગર | ૧૦.૫ |
| અમદાવાદ | ૧૧.૬ |



ગાંધીનગર એટલે વનમાં નગર કે નગરમાં વન એ કહેવું મુશ્કેલ બને. સેકટર-૧ થી ૩૦માં સમાયેલા જુના ગાંધીનગરે હજુ તેની ઓળખ, તેની આત્મા બરકરાર રાખ્યા છે. આયોજનબધ્ધ નગર હોવાથી અહીં ઈમારતોનો ખડકલો થયો નથી. હજુ આપણા શહેરમાં હરિયાળી અકબંધ છે. અન્ય શહેરોમાં જોવા ન મળે તેવી શાંતિનો અહેસાસ અહીં થાય છે. એટલે જ કદાચ અહીં મનુષ્યોની સાથે સાથે વન્ય પ્રાણીઓ અને પંખીઓનો વસવાટ છે. રાષ્ટ્રીય પક્ષી મોર તો અહીંનું ગૌરવ છે તો વાંદરા, હરણાં અને રોઝડાઓની અવરજવર અહીં અવારનવાર જોવા મળે છે. અહીના રહેણાંક વિસ્તારોમાં વન્યપ્રાણીઓ ખુબ જ આસાનીથી જોવા મળી જાય છે. વસાહતીઓ માટે તે લ્હાવો છે.

# સ્વચ્છતા સર્વેક્ષણના બીજા ત્રિમાસિક ગાળામાં ગાંધીનગર શહેર ૧૪૭મા ક્રમે ધકેલાયું

ગાંધીનગર, તા.૩૧

કેન્દ્ર સરકારે આજે બીજા ત્રિમાસિક ગાળાને અંતે સ્વચ્છતા સર્વેક્ષણનું જે પરિણામ જાહેર કર્યું છે તેમાં ગાંધીનગર શહેર ૧૪૭મા સ્થાને આવ્યું છે. જિલ્લાના અન્ય શહેરો કલોલ, માણસા, દહેગામ અને પેથાપુર તો ક્યાંય પાછળ ધકેલાયાં છે.

ગાંધીનગર મહાનગર પાલિકા માટે આજનું આ પરિણામ આંચકાજનક છે. પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશભરમાં ૧-૨મા સ્થાન પર ગાંધીનગર હતું તે આજે બીજા ત્રિમાસિક ગાળાના જાહેર થયેલ પરિણામમાં ૧૪૭મા ક્રમે ધકેલાયું છે.

જો કે તંત્રના કહેવા મુજબ ૧ લાખથી ૧૦ લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં રાજ્યકક્ષાએ ગાંધીનગર પ્રથમ ક્રમે છે. જો કે દેશમાં આ કેટેગરીમાં પણ તે ૧૨મા સ્થાને છે. પ્રથમ ત્રિમાસિક ગાળામાં ગાંધીનગર આ

**આજે જાહેર થયેલ પરિણામમાં શહેરની ભારે પીછેહઠ : પ્રથમ ત્રિમાસિક ગાળામાં શહેર ૧૦૨મા ક્રમે હતું : ૧૦ લાખ સુધીની વસતી ધરાવતા મહાનગરોમાં પણ ૧૨મા ક્રમે ગાંધીનગર રહ્યું**

કેટેગરીમાં ૧૪મા સ્થાને હતું અને હવે ૧૨મા સ્થાને આવ્યું છે.

દેશભરના ૪૧૫૭ શહેરોના બીજા તબક્કાના સર્વેક્ષણનું રેન્કિંગ આજે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

સ્વચ્છતા અભિયાનને લઈ મનપા દ્વારા ખાસ ઝુંબેશો હાથ ધરાયા પછી પણ મળેલી આ પછડાટને લઈ તંત્ર અને લોકોમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામમાં મળેલ માર્કર્સ કરતાં પણ બીજા ત્રિમાસિક ગાળામાં મળેલ માર્કર્સમાં ગાંધીનગરને પછડાટ મળી છે તે ખૂબ જ ચિંતાનો વિષય છે.

ગાંધીનગર શહેરને પોતાની લેન્ડફિલ્ડ સાઈટ નથી અને હાલ જે ફિલ્ડસાઈટ છે તેમાં કચરાના યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થાનો અભાવ જોવા મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયતની ઉનાવા બેઠક ભાજપે જાળવી રાખી

### ૪ બુથોમાં સરસાઈ મેળવનાર કોંગ્રેસ તે સરસાઈને વિજયમાં પરિવર્તીત ના કરી શકી, ૩૯૫ મતે કોંગ્રેસના મિથીલ પટેલનો પરાજય

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તાલુકા પંચાયતની ઉનાવાની બેઠક પર ભાજપના રાકેશ ઠાકોરનો ૩૯૫ મતે વિજય થયો છે.

ભાજપે આ બેઠક જાળવી રાખી છે. ભાજપના સભ્ય રાજેન્દ્રસિંહ ડાભીના અવસાનથી આ બેઠક ખાલી પડી હતી. જેની પેટા ચૂંટણી ૨૯મી ડીસેમ્બરના રોજ યોજાઈ હતી.

આ પેટા ચૂંટણીમાં ૬૭ ટકાજેટલું જંગી મતદાન થયું હતું. સામાન્ય ચૂંટણી કરતાં પણ ૭ ટકા જેટલું વધુ મતદાન થયું હતું. આ પેટા ચૂંટણીમાં યુવા અને મહિલા મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો.

આજે સવારે સે-૧૫ ખાતે મત ગણતરીનું કામ હાથ ધરાયું હતું અને અર્ધા કલાકમાં જ ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું. જેમાં ભાજપના રાકેશ ઠાકોરને ૩૯૫ મતે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. રાકેશ ઠાકોરના વિજયની જાહેરાત થતાં જ ભાજપના કાર્યકરોએ ગગનભેદી નારાઓથી વાતાવરણને ગજવી દીધું હતું.

રાકેશ ઠાકોરે પત્રકારોને જણાવ્યું હતું કે વિજય મળતાં જ મારી જવાબદારી વધી છે અને સમગ્ર વિસ્તારના સર્વગ્રાહી વિકાસ માટે હું મારાથી બનતું બધું જ કરીશ. કોંગ્રેસના પરાજીત ઉમેદવાર મિથીલ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે હું જનતા જનાર્દને આપેલ જનાદેશને શિરે ચડાવું છું. હું મારા વિસ્તારના તમામ મતદારોનો આભાર માનું છું અને તેમની સાથેના મારા સંબંધોના સંવર્ધનની સાથે સાથે વિકાસ માટે ખૂટતી કડીઓને જોડવા માટે સતત પ્રયત્નશીલ રહીશ. જાહેર જીવનમાં હાર જીત એ એક સિક્કાની બે બાજુ સમાન છે. હાર પછી પણ હું જંપીને બેસીશ નહિ પ્રજા એ મારામાં વ્યકત કરેલ વિશ્વાસને સાર્થક કરવા માટે સતત પ્રયત્નશીલ રહીશ.

આજે મતગણતરી દરમિયાન ૪ બુથો પર કોંગ્રેસે ભાજપ પર ૧૨ થી લઈ ૨૦૦થી પણ વધુ મતોની સરસાઈ જરૂર મેળવી હતી પરંતુ તે વિજયમાં પલ્ટાવી શકી ન હતી.

૧૧ મતદાન મથકો આ પેટા ચૂંટણી માટે નિયત કરાયા હતા. એક જ ગામના એ ઉમેદવાર

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક બનાવાની યોજના હજુ અધ્ધરતાલ

### એપ્રોચ માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધતા માર્ગ સલામતી જોખમાઇ

ગાંધીનગર તા ૩૧

શહેરના સેકટરોના એપ્રોચ રસ્તાને ફોર ટ્રેક બનાવાની યોજના અધ્ધરતાલ છે. શહેરના મુખ્યમાર્ગોને સિકસલેન કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ સેકટરોના એપ્રોચ રસ્તાને પહોળા કરવા માટે આયોજન થતુ નથી. જયારે સર્કલોને ક્રોસ કરતા માર્ગો પણ સાંકડા છે. જેના લીધે ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ ડાબી બાજુએથી વાહન વ્યવ્હાર થઈ શકતો નથી. સેકટરોના એપ્રોચ રસ્તા પર ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. જેને અનુરૂપ રોડ નેટવર્ક પણ ઉપલબ્ધ થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં પ્રવેશવા માટેના એપ્રોચ રસ્તાઓને ફોર ટ્રેક કરવાની દરખાસ્ત છેલ્લા ઘણાં સમયથી અધ્ધરતાલ છે. નગરના ખ માર્ગને સિકસલેન કરી દેવાયો છે. જયારે ગ માર્ગને પણ સિકસલેન કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નગરના મુખ્યમાર્ગો સિકસલેન છે. જયારે મુખ્યમાર્ગોથી સેકટરોના એપ્રોચને જોડતા રસ્તાઓ હજુ પણ સાંકડા છે. વર્ષો પુર્વે ફુટપાથનુ નિર્માણ કરાયુ ત્યારે પણ એપ્રોચ રસ્તાને ફોર ટ્રેક બનાવાના આયોજનને ધ્યાને લઈને જ વોક વે તૈયાર કરાયા હતા. હાલ નગરના માર્ગો આસપાસ સ્થિત

● અનુસંધાન પાન-૭ પર



## બેસણું

અમારા માતુશ્રી **પુષ્પાબેન મંગળભાઈ વાઘેલા (ગામ-શાહપુર)**નું અવસાન તા. ૩૦/૧૨/૨૦૧૯ને સોમવારના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨/૧/૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારના ૮-૦૦ થી બપોરના ૨-૦૦** વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૨૭૭/૨, બાલા હનુમાન મંદિરની બાજુમાં, સેક્ટર-૨/એ, ગાંધીનગર.**

| | |
|---|---|
| રાકેશભાઈ મંગળભાઈ વાઘેલા | હર્ષદભાઈ મંગળભાઈ વાઘેલા |
| પ્રતિક્ષાબેન માનાભાઈ વાઘેલા | ચિરાગભાઈ મંગળભાઈ વાઘેલા |


"બ્રાહ્મણ બનશો અગ્રેસર"

PRESENT BY dishman iNDEXTb INDUSTRIAL EXTENSION BUREU (A GOVT OF GUJARAT ORGANISATION) ISO 9001:2000 Certified

મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ - ૨ બ્રહ્મ ગૌરવ એવોર્ડ - ૨

૩ ૪ ૫ જાન્યુ ૨૦૨૦

સ્થળ:- ત્રિ-મંદિર, અડાલજ સર્કલ પાસે, અમદાવાદ ગાંધીનગર હાઈવે.

MEGA BRAHMIN 2 BUSINESS SUMMIT

મુખ્ય ઉદ્દેશો

- મહીલા અને બાળવિકાસ • ધર્મ અને શાળાઓ
- યુવા વિકાસ અને રોજગાર. • રોજગારી માટે માર્ગદર્શન.
- સરકારી યોજનાની માહિતી.
- સફળ ઉદ્યોગપતિઓનું માર્ગદર્શન
- સમાજના ઉદ્યોગ ક્ષેત્રે ઉત્થાન માટે વિસ્તૃતમાં ચર્ચા.
- શિક્ષણ/કોચીંગ/સ્પર્ધાત્મક પરીક્ષા માટે માર્ગદર્શન.
- આધુનિક ટેકનોલોજી અને માર્કેટીંગ દ્વારા તમારા વ્યવસાયને અને નેટવર્કને વધારવાની ઉત્તમ તક.
- બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ કાર્યક્રમમાં બોલીવૂડ હસ્તીઓ અને રાજકીય પ્રતિભાઓનો મેળાવડો
- બ્રહ્મ પ્રતિભાઓ જેઓએ પોતાના કાર્યક્ષેત્રમાં શ્રેષ્ઠ કર્યુ છે તેઓને વ્યક્તિગત પ્લેટફોર્મ પુરૂ પાડી સન્માનિત કરવામાં આવશે.

વિશેષતાઓ

- ૩ લાખ થી વધુ મુલાકાતીઓ ભાગ લેશે. • ૨૫૦૦ થી વધુ નાના-મોટા બ્રહ્મ વ્યવસાયકારો, ઉદ્યોગકારો અને કંપનીઓ ભાગ લેશે. • ૧૦૦૦૦ થી વધુ બેરોજગાર બ્રાહ્મણોને રોજગારી પૂરી પાડવાનો અંદાજ.
- અલગ-અલગ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરનારા બ્રાહ્મણોનું એવોર્ડ તથા પ્રમાણપત્ર આપીને સન્માન.
- ફિલ્મ કલાકારો અને પ્રતિભાઓ બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ માં ઉપસ્થિત રહીને કાર્યક્રમને ભવ્ય બનાવશે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)

હેલ્પલાઈન નંબર ૭૪૮૬૮૪૧૧૫૧/૧૨૫૧ | www.brahm-samaj.in | જોડાવા માટે Give Misscall on- ૭૩૭૮૯૮૬૮૬૮



માનવંતા સભાસદો અને ગ્રાહકોના સાથ-સહકાર અને વિશ્વાસથી રૂ. ૧૦૦.૦૦ કરાડ કરતા વધારે ધિરનાર

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.

નવા વર્ષની શુભકામનાઓ પાઠવે છે.

| ધિરાણના દર | | થાપણના દર | |
|---|---|---|---|
| મકાન બાંધકામ/તૈયાર મકાન ખરીદી અથવા રીપેરીંગ | ૯.૨૫ % | ૧૫ થી ૪૫ દિવસ | ૪.૫૦ % |
| રીયલ એસ્ટેટ | ૧૦.૫૦ % | ૪૬ થી ૯૦ દિવસ | ૫.૦૦ % |
| ખાનગી વાહન ખરીદી/ટૂ વ્હીલર | ૯.૫૦ % | ૯૧ થી ૧૮૦ દિવસ | ૬.૦૦ % |
| કોમર્શીયલ વ્હીકલ ધિરાણ | ૧૦.૨૫ % | ૧૮૧ થી ૩૬૫ દિવસ | ૬.૦૦ % |
| શૈક્ષણિક લોન | ૧૦.૫૦ % | ૩૬૬ દિવસ થી ૩૬ માસ | ૬.૫૦ % |
| અનસિક્યોર્ડ લોન | ૧૨.૦૦ % | ૩૬ માસથી ૬૦ માસ સુધી | ૬.૫૦ % |
| ધંધાકીય કેશ ક્રેડીટ તથા લોન | ૧૧.૦૦ % | | |
| વ્યક્તિગત લોન | ૧૨.૦૦ % | સિનિયર સીટીઝન માટે વધારાના | ૦.૫૦ % |

વિક્રમ કે. પટેલ ચેરમેન | પ્રવિણકુમાર ડી. પટેલ વાઈસ ચેરમેન | વિપુલ આર. પટેલ મેનેજીંગ ડીરેક્ટર

તમામ ડીરેક્ટરશ્રીઓ

અશોકભાઈ જી. પટેલ, જયંતિભાઈ એમ. પટેલ, લાલસિંહ કે. વાઘેલા, અશોકભાઈ આર. પટેલ, ચંદ્રકાન્તભાઈ સી. પટેલ, નરેન્દ્રભાઈ એમ. શાહ, વિષ્ણુભાઈ આઈ. પટેલ, ઘનશ્યામભાઈ કે. પટેલ, મનુભાઈ બી. પટેલ, ડો. હિમાંશુભાઈ વી. પટેલ

દિપકભાઈ એચ. શાહ, જનરલ મેનેજર તથા સમગ્ર બેંક સ્ટાફ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


# આવતીકાલે ગાંધીનગરમાં નારી સંમેલન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર ખાતે આગામી બીજી જાન્યુઆરીના રોજ મહિલા આયોગ અને જિલ્લા તંત્રના સંયુક્ત ઉપક્રમે નારી સંમેલન યોજવામાં આવનાર છે.

નાથીબા હૉલ ખાતે યોજાનારા આ સંમેલનમાં મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલિયા ઉપરાંક કલેકટર ગાંધીનગર, જિલ્લા વિકાસ અધિકારી, મ્યુનિસિપલ કમિશનર સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે.

આ સંમેલનમાં નારી જાગૃતિ તેમજ નારી અદાલત ઉપરાંત સરકારે નારી નીતિ અંતર્ગત લીધેલા વિવિધ પગલાઓની જાણકારી આપવામાં આવશે. આ સંમેલનમાં એક હજારથી પણ વધુ મહિલાઓ ઉપસ્થિત રહેશે. તંત્ર દ્વારા આ માટેની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સખી મંડળ, સ્વસહાય જૂથો સહિતની વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત વાતો આ સંમેલનમાં કરવામાં આવશે.

# રાજ્યમાં દારૂબંધી હટાવવાની માંગ વિરુદ્ધ થયેલી પીઆઈએલ પર ૬ઠ્ઠીએ સુનાવણી

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં દારુબંધી વિરુદ્ધ કરવામાં આવેલી અડધો ડઝન જેટલી જાહેર હિતની અરજી પર હાઈકોર્ટ ૬ જાન્યુઆરીથી સુનાવણી કરશે. આ મુદ્દે રાજ્ય સરકાર તેમજ પિટિશનરોએ પોતાના જવાબ રજુ કરી કરી દીધા છે. હવે આ પીઆઈએલ પર દલીલો પણ આ જ તારીખથી શરુ થશે.

રાજીવ પટેલ, ડૉ. મિલિંદ નેને, નિહારિકા જોષી અને મલય પટેલ ઉપરાંત અન્ય પિટિશનરોએ ગુજરાત હાઈકોર્ટમાં દારુબંધી હટાવવા પીઆઈએલ કરેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com